GJVD040032272025

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | – ૨૫.૦૮.૨૦૨૫ |
| રજી.કર્યા તારીખ | – ૨૫.૦૮.૨૦૨૫ |
| ફેંસલ કર્યા તારીખ | – ૦૫.૦૩.૨૦૨૬ |
| સમયગાળો | – વર્ષ માસ દિવસ |

---

## એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ, મુ.પાદરા, જિ.વડોદરા.

---

**ફોજદારી કેસ નં.૨૧૭૩/૨૦૨૫**
**આંકઃ–**

**શ્રી સરકાર**

**ફરિયાદીઃ** પાદરા પો.સ્ટે.પાર્ટ–સી
ગુ.ર.નં.૧૧૧૯૭૦૩૪૨૫૦૯૦૮/૨૦૨૫

**વિરૂધ્ધ**

**સવિતાબેન જયંતિભાઈ માળી**
**આરોપીઃ** ઉ.વ–પુખ્ત, ધંધો–ઘરકામ
રહે.લતીપુરા ગામ, વેઠીયા વગો, તા.પાદરા જિ.વડોદરા.

**ગુન્હોઃ પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(એ) મુજબનો.**

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી બી.એચ.શ્રીમાળી
આરોપી તરફે વિ.વકીલશ્રી એચ.આર.પરમાર

### –:: ઠરાવ ::–

**(૧) કેસની ટુંકમાં હકીકતઃ**

બનાવની ટુંક હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટાના મકાનમાં દેશી દારૂ લિ.૦૨, કિં.રૂા.૪૦૦/–નો ગે.કા.નો રાખી રેઈડ દરમ્યાન પકડાઇ જતાં, આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) અન્વયેનો ગુનો દાખલ કરવામાં આવેલ. સદર ફરિયાદ અન્વયે તપાસ કરનાર અમલદારશ્રીએ તેમની તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તેમની તપાસના અંતે આરોપી

વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં સદર ગુના અન્વયે નું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) **ન્યાયિક કાર્યવાહીઃ**

આ કામનાં આરોપીને સમન્સ ઇશ્યુ થતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીને તેઓના બચાવ માટે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી નોંધવામાં આવતા, આરોપીએ તેમની સામેના આક્ષેપાયેલ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ હતો. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતી કરી, ફરિયાદપક્ષના વધુ કોઇ મહત્વના સાક્ષી તપાસવાના રહેતા ના હોવાની જાહેરાત કરતાં, રજુ થયેલ રેકર્ડ ઉપરના પુરાવાને વંચાણે લેતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરિયાદપક્ષના પુરાવાની હકીકતને નકારી જણાવેલ છે કે, તેમને સોગંદ ઉપર પુરાવો આપવો નથી, બચાવના સાહેદ તપાસવા નથી અને વિશેષમાં જણાવેલ છે કે, તેમની વિરૂધ્ધ ખોટો કેસ થયેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી.

(૩) ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**ઃ મુ દ્દા ઓ ઃ**

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે આ કામના તહોમતદારે વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટાના મકાનમાં દેશી દારૂ લિ.–૦૨ કિં.રૂા.૪૦૦/–નો ગે.કા.નો રાખી રેઇડ દરમ્યાન

પકડાઇ જઇ ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–
૬૫(એ)(એ) અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

**મુદ્દા નં. ૨** શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓના મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧** નકારમાં

**મુદ્દા નં. ૨** આખરી હુકમ મુજબ

(૫) **મુદ્દા નં.૧ ની ચર્ચાઃ–**

**(૫.૧)** આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે પંચ સાહેદને આંક–૦૭ અને આંક–૦૯ થી તપાસતા તેઓએ આંક–૦૮ થી રજુ પંચનામાંમાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચસાહેદે પંચનામાંની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહિ હોવાથી ફરિયાદપક્ષે હોસ્ટાઇલ સાહેદ જાહેર કરાવવામાં આવેલ અને ત્યારબાદ પણ પંચ સાહેદે પંચનામાના તત્ત્વોને સમર્થન આપેલ નહિ હોવાથી પંચનામું નિઃશંક પુરવાર થયેલ માની શકાય તેમ નથી.

**(૫.૨)** ફરિયાદપક્ષે ત.ક.અ.શ્રી રાહુલભાઈ તેજાભાઈ સભાડ નાઓને આંક–૧૦ થી તપાસતાં તેમણે ફરિયાદપક્ષની ફરિયાદ તેમજ તપાસને અનુરૂપ પુરાવો આપેલ છે અને આંક–૧૧ થી ફરિયાદ હકીકત રજુ કરેલ છે. જ્યારે સદર ત.ક.અ.ની બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં તેઓ પેટ્રોલિંગમાં ક્યુ વાહન લઈને નીકળેલા તે વાહનનો પ્રકાર કે તે સરકારી વાહન હતુ કે ખાનગી હતુ તે ફરિયાદમાં દર્શાવેલ ન હોવાનું, તેઓ પેટ્રોલિંગમાં કેટલા વાગે નીકળેલા તેનો ચોક્કસ સમય ફરિયાદમાં દર્શાવેલ ન હોવાનું, જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ તે જગ્યા આરોપીની માલિકીની હતી તે બાબતેનો કોઇ પુરાવો તેમણે મેળવેલ હોય તેવું બનેલ ન હોવાનું, જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ તે વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે અને આજુબાજુમાં ઘણા

બધા રહેણાંકના મકાનો આવેલા હોવાનું, આ કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ ન હોવાનું, ચાર્જશીટ સાથે એફ.એસ.એલ. સર્ટિફિકેટ રજુ કરેલ ન હોવાનું, આ તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

## –: કારણો :–

(૬) આમ, આ કામે મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું લખાવનાર પંચ સાહેદે પંચનામાંમાં માત્ર તેમની સહિ ઓળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાંની કોઇ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, રજુ થયેલ પંચનામાના આધારે આરોપીના પ્રત્યક્ષ કબ્જામાંથી મુદ્દામાલ કબ્જે થયેલ હોવાની હકીકત નિઃશંક માની શકાય તેમ નથી. આ કામે મુદ્દામાલ કબ્જે કર્યા બાબતેનું કહેવાતુ પંચનામું નિઃશંક પુરવાર થતું નથી. આ પ્રકારના ગુનાઓની સાબિતી માટે મુદ્દામાલ કબ્જે કર્યા બાબતેનું પંચનામુ એક અગત્યનો દસ્તાવેજી પુરાવો છે અને તેને જયારે પંચ સાહેદનું સમર્થન પ્રાપ્ત થતુ ના હોય ત્યારે ફરિયાદ પક્ષના સમગ્ર કેસમાં શંકા ઉભી થવી સ્વાભાવિક છે. જ્યારે પંચ સાક્ષી પંચનામાને સમર્થન આપતા ના હોય ત્યારે શંકાનો લાભ આરોપીને મળવો જોઇએ. પંચ સાહેદે ફરિયાદપક્ષના કથનોને આધાર આપ્યો નથી તેમજ ચાર્જશીટમાં જણાવેલ અન્ય તમામ સાહેદો પોલીસ સાહેદો છે. વધુમાં જે જગ્યાએથી મુદ્દામાલ મળી આવેલ તે જગ્યા આરોપીની માલિકી કે કબ્જા ભોગવટાની હતી તે બાબતેનો કોઈ આધારભુત દસ્તાવેજી પુરાવો હાલના કામે ફરિયાદપક્ષે રજુ કરેલ નથી. કહેવાતો કબ્જે કરેલ મુદ્દામાલ ખરેખર દેશી દારૂ હતો કે કેમ? તે નકકી કરવા માટે સદર મુદ્દામાલનું એફ.એસ.એલ. પૃથ્થકરણ કરાવવામાં આવેલ હોય તે બાબતેનો કોઇ એફ.એસ.એલ. રીપોર્ટ આ કેસમાં ફરિયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદપક્ષનો રજુ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવો, ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર, હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા માટે નિઃશંક

જણાતો નથી. તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

**–ઃ આખરી હુ ક મ ઃ–**

**(૧)** આ કામનાં આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧ (૧) હેઠળ ગુજરાત પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ટ્રાયલ સમય માટે રજુ કરેલ જામીન અને જાતમુચરકો આથી રદ કરવામાં આવે છે.

**(૩)** અપીલ સમય બાદ મુદ્દામાલ નો નિયમાનુસાર નાશ કરવો.

**(૪)** આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૧ પ્રમાણે રજુ કરેલ જામીન તથા જાતમુચરકા આ હુકમની તારીખથી છ માસની મુદત સુધીના અમલમાં રહેશે.

**હુકમ આજરોજ તા.૦૫.૦૩.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.**

**( HARDIK P. RAVAL )**
**3rd ADDITIONAL CHIEF JUDICIAL MAGISTRATE**
**PADRA, DIST. VADODARA**
**CODE.- GJ01220**

**Place: Padra**
**Date:05.03.2026**

*//k. k. koradiya//*